# રાધાજીની મંજરીઓ

ધર્મરંગ

વ્યોમા સેલર

હિન્દુ ધર્મમાં મંજરીઓનો અર્થ સખીઓની સેવા કરતી સમર્પિત સેવકો થાય છે. જે કૃષ્ણ સાથે ગહન જોડાણનું પ્રતિનિધિત્વ કરે છે. જેઓ આધ્યાત્મિક મહત્ત્વ તથા પવિત્રતાને મૂર્તિગર્ત કરે છે. કૃષ્ણ અને તેમની પ્રિયજનોની ખૂબજ ભક્તિ અને સ્નેહથી સેવા કરતી  મંજરીઓ(ગોપી) શ્રી રાધાની સેવામાં સંપૂર્ણ પણે સમર્પિત છે. મંજરી રાધિકાને કૃષ્ણ કરતાં પણવધુ પ્રેમ કરે છે. દિવસભાર મંજરી દિવ્ય યુગલ રાધાગોવિંદને એક કરવાનું કામ કરે છે.

મંજરી રાધા અને કૃષ્ણની સેવા કરવામાં પરમ આનંદ પ્રાપ્ત કરે છે. એ.સી.ભક્તિ વેદાંત સ્વામી શ્રીલ પ્રભુ પાદ રાધાની સાથીઓને મંજરી કહેવામાં આવે છે. સખીઓને મંજરી કહેવામાં આવે છે. કૃષ્ણ અને રાધા પ્રત્યેનો તેમનો સ્નેહ એટલો શુદ્ધ છે કે જ્યારે રાધા અને કૃષ્ણ એક થાય છે ત્યારે જ તેઓ ફક્ત સંતુષ્ટ થાય  છે.

મંજરી (ગોપીઓ) મહિમા જ્યારે રાધા અને કૃષ્ણના પ્રેમમાં હોય ત્યારે પ્રદશિત થાય છે.

તેઓના દેવી દંપતીના વિવિધ પ્રેમ સંબંધોના સાક્ષી બનવાની મંજૂરી આપવામાં આવે છે.

શ્રી વૃષભાનું નંદની શ્રી રાધારાણીની સેવિકાઓ અનંગા મંજરી, રૂપા મંજરી, રતિ મંજરી, વિલાસ મંજરી, ગુણ મંજરી, લવંગા મંજરી, વગેરે પ્રાણ સખીઓ છે. તેઓ રાધાજીને દાસ્યભાવમાં પૂજા કરે છે. અથવા શ્રી રાધાજીના ચરણકમળની સેવા કરે છે.

પ્રાણ સખીઓ  જે નિત્ય સિદ્ધ એટલે તેઓ શાશ્વત રીતે મુક્ત છે. પતિત બદ્ધ આત્માઓને સર્વોચ્ચ માધુર્ય વ્રજ રસ પ્રદાન કરે છે પ્રાણ સખીઓ કંઇ પણકરે છે શ્રી રાધાજીના આનંદ માટે જ. પોતાના માટે કંઈ કરતી નથી. તેઓ રાધારાણી થી પણ નાના છે. પણરાધારાણી જેવા દેખાય છે. અને વ્યવહાર કરે છે ફકત  રાધાજીના આનંદ માટે જ.



સંતો અને ભક્તો રાધાજીને દાસ્યાભાવમાં ભજે છે. તેઓ રસિક વૈષ્ણવો, મંજરીઓ અને શ્રી રાધાજીની કૃપાથી પોતાના આધ્યાત્મિક સર્વદષ્ટિનો અનુભવ કરે છે. તેઓ નિત્ય સખીઓ બને છે. નિત્યસખીઓ મંજરી છે જે તેમના હૃદયમાં અંકુરિત તથી વ્યિકતગત મનોદશા પીરસે છે.

અંનગા મંજરીનો અર્થ કામદેવ થાય છે. તે ઉત્કૃષ્ટ દિવ્ય સૌંદર્યનું સ્વરૂપ છે. જેમાં સૌથી મોહક લક્ષણો છે જે શ્રીકૃષ્ણના મનને આકર્ષિત કરે છે. લવંગા મંજરી રૂપા મંજરીના સૌથી નજીકના મિત્ર જે રતિ મંજરી અને લવંગ મંજરીના નામથી જાણીતા છે. શ્રી ચૈત્યન મહાપ્રભુના લીલાઓમાં શ્રી સનાતન ગોસ્વામી તરીકે પ્રગટ થયા હતા. જેમને શ્રી ચૈતન્ય મહાપ્રભુના શરીરનો વ્યકિતગત ભાગ માનવામાં  આવે છે.

શ્રી રાધારમણ  મંદિરના સ્થાપક આચાર્ય શ્રીલ ગોપાલ ભટ્ટ ગોસ્વામીનું નામ  ગુણમંજરી છે.

શ્રીમતી રાધારાણી, કૃષ્ણ સાથેના તેમના સંબંધો, તેમની સખીઓ અને ગોપી મંજરીઓ સાથેના તેમના સંબંધો વિશેનું જ્ઞાન ગૌડિય વૈષ્ણવ ધર્મના ગુપ્ત સાહિત્યમાં વિસ્તરેલું છે. શ્રીમતી રાધારાણી પ્રત્યેની ભક્તિ એ કૃષ્ણ ભાવનામૃતની સર્વોચ્ચ અભિવ્યક્તિ છે. ભક્તિવિનોદ ઠાકુર તેમના એક ગીતમાં કહે છે,

> **ભક્તિરસામૃત-સિંધુમાં તેઓ રાધાના આ પ્રેમને સમજાવવા માટે બે અલગ અલગ શબ્દોનો ઉપયોગ કરે છે. શ્રી રૂપા આ પ્રેમના એક સ્વરૂપનો ઉલ્લેખ તદ-ભાવેચ્છ-મયી તરીકે કરે છે - તેના પરમાનંદ માટે ઇચ્છાથી (મયી) ભરાઇ જવું**

શ્રીમતી રાધિકા દામ્પત્ય પ્રેમની મધુરતાની શિક્ષિકા છે. રાધા અને માધવ વચ્ચેનો શુદ્ધ પ્રેમ ચર્ચા અને ચિંતન માટે છે.

ભક્તિરસામૃત-સિંધુમાં તેઓ રાધાના આ પ્રેમને સમજાવવા માટે બે અલગ અલગ શબ્દોનો ઉપયોગ કરે છે. શ્રી રૂપા આ પ્રેમના એક સ્વરૂપનો ઉલ્લેખ તદ-ભાવેચ્છ-મયી તરીકે કરે છે - તેના પરમાનંદ માટે ઈચ્છાથી (મયી) ભરાઈ જવું. ત્યાં તેને એક ખાસ પ્રકારના માધુર્ય રસ તરીકે વર્ણવવામાં આવ્યું છે જે વધુ સારું છે અને કૃષ્ણ સાથે સીધા સંબંધને અનુસરવાને બદલે કૃષ્ણ (રાધાના ભાવ) ને પ્રેમ કરનારના પ્રેમને અનુસરવાનો સમાવેશ થાય છે.  શ્રી રૂપનો વ્યક્તિગત આદર્શ શ્રીમતી રાધાની દાસી - રાધાદાસ્યમ- છે જેને ઘણીવાર મંજરી-ભાવ તરીકે ઓળખવામાં આવે છે.

---

# મૂળ ધર્મ કયો?

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

બંગાળના કોલકત્તાથી, અગ્નિ ખૂણામાં, આશરે 70 km દૂર, મટિયા નદીના પશ્ચિમ છેડે, પિયાલી ગામના કાંઠે, અરબાઝ ચાંદ બાઉલનો આશ્રમ છે. અમે ત્યાં તેને મળવા ગયા ત્યારે અમારી સાથે અમારા મિત્ર અતનું ભટ્ટાચાર્ય પણ સાથે હતા.

આશ્રમ પાસે પહોંચ્યા ત્યારે અતનુંએ કહ્યું, ‘‘સતીશ આ અરબાઝ તો મુસ્લિમ નામ લાગે છે! તેના ગુરુ સુધીર ચાંદ તો હિન્દુ હતા!’’

મેં કહ્યું, ‘‘હા, તો તારું શું કહેવાનું છે?’’

તે બોલ્યા, ‘‘આ બાઉલ લોકોનો મૂળ ધર્મ કયો?’’


હું કંઈ જવાબ આપું તે પહેલાં તો અમે નાનકડા આશ્રમની ઝાંપલી વળોટી બાઉલની ઝૂંપડી સુધી પહોંચી ગયા હતા.

અરબાઝ બોલ્યો, ‘‘જય ગુરુ! આવો! આવો!’’

પછી બોલ્યો, ‘‘અમારો બંગાળી બાબુ શું પૂછતો હતો? અમારો બાઉલનો મૂળ ધર્મ કયો એમ ને?’’ અમારી વાતચીત બાઉલ સાંભળી ગયા હતા. તે જાણી અતનું ઝંખવાણો પડી ગયો.

આગળ બાઉલ બોલ્યા, ‘‘ચાલો, મારી સાથે! મારે દૂધ લેવા જવું છે!’’

અમે ઝોલો અને સામાન આશ્રમમાં રાખી તેની પાછળ ચાલ્યા. તે અમને થોડે દૂર એક વિશાળ વડના ઝાડ નીચે લઈ ગયા. બપોરનો સમય હતો. ત્યાં ઘેઘુર વૃક્ષની છાયમાં, એક તરફ કેટલાક ઘોષ આરામ



કરતા હતા અને બીજી તરફ છાયમાં કેટલી ગાયો બેઠી હતી.

ત્યાં પહોંચ્યા એટલે ઘોષ લોકોમાંથી એક યુવાન, બાઉલ પાસેથી દૂધની દોણી લઈ ગાયને દોહવા માટે ચાલ્યો. બાઉલ બધા ભરવાડો વચ્ચે બેસી ગયા. અમે પણ સાથે બેઠા. વડ ખૂબ જ મોટો અને ઘેઘુર હતો. તેની ડાળમાંથી અનેક વડવાઈ ફૂટી અને જમીનમાં ઊતરી હતી.

બાઉલે સૌથી બુઝર્ગ ભરવાડ તરફ જોઈને પૂછ્યું, ‘‘ઘોષ! આ વડના ઝાડમાં અસલી થડ કયું?’’

ઘોષ બોલ્યો, ‘‘ખબર નથી, બાઉલ! મને 80 વર્ષ થયાં, હું તો આ વડ ને આવો ને આવો જ જોઉં છું!’’

બાઉલે એક ડાળ પકડી બીજો પ્રશ્ન પૂછ્યો, ‘‘ઘોષ! આ ડાળને આટલા બધા થડમાંથી કયા થડનું મૂળ પાણી આપતું હશે?’’

બાઉલના પ્રશ્નોનો જવાબ આપવાને બદલે ઘોષ હસી પડ્યા, બોલ્યા, ‘‘બાઉલ! તારા પ્રશ્ન આવા જ હોય! આ ડાળીને કોઈ એક નક્કી કરેલા થડ દ્વારા પાણી થોડું મળે? તેનું પોષણ તો બધા જ થડના મૂળ કરતા હોય!’’

બાઉલે પૂછ્યું, ‘‘ઠીક છે, હું આ એક વડવાઈ કાપી નાખું, તો વડનો અમુક ભાગ સુકાઈ જાય?’’

ઘોષ બોલ્યા, ‘‘ના, બાઉલ! બીજી વડવાઈ આ ભાગને પાણી ,ખોરાક પહોંચાડવા માંડે!’’

બાઉલ બોલ્યા, ‘‘સારું.’’

પછી અતનું તરફ ફરી અને બાઉલ બોલ્યા, ‘‘ભાઈ અતનું! ધર્મનું પણ આ વડના ઝાડ જેવું જ છે! જેમ સૌથી પહેલું થડ કયું તે નક્કી ન થઈ શકે, તેમ સૌથી પ્રથમ ધર્મ કયો, તે પણ નક્કી ન થાય. દરેક સારા સારા વિચારો, એક ધર્મમાં એકબીજાને વડની જેમ છાંયો આપતા જતા હોય છે, અંતે તો દરેક ધર્મમાં માનવતા નામનું રસકસનું ઝરણ રહેતું હોય છે. આ તો મનેર માણસને વડના ઝાડની વડવાઈની જેમ જુદા જુદા રૂપે વિલસવાની ઈચ્છા થઈ, તેથી તેણે અલગ અલગ વડવાઈ રૂપે, જમીન પર અવતરણ કર્યું. કદીક ઉપર મસ્તક ઉઠાવી

> **જેમ સૌથી પહેલું થડ કયું તે નક્કી ન થઇ શકે, તેમ સૌથી પ્રથમ ધર્મ કયો, તે પણ નક્કી ન થાય. દરેક સારા સારા વિચારો, એક ધર્મમાં એકબીજાને વડની જેમ છાંયો આપતા જતા હોય છે, અંતે તો દરેક ધર્મમાં માનવતા નામનું રસકસનું ઝરણ રહેતું હોય છે**

જુઓ, તો બધા ધર્મ એક જ વડની વડવાઈ છે તે ખબર પડી જાય! પરંતુ, અફસોસ એ છે કે આપણે ઉપર મસ્તક ઉઠાવી જોવું જ નથી!’’

બાઉલની ઉપર જોવાની વાત સાંભળતાં સાંભળતાં અતનુંનું મસ્તક શરમથી નીચું થઈ ગયું.